ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૦/૧૯–૨૦/ ૨૧૭૫ તારીખ : 25 JUN 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૦૦/૧૯–૨૦

પ્રતિ,
**શ્રી ભદ્રેશભાઈ ભવાનભાઈ લાડુમોર,**
નવા રામજી મદિર પાસે,
મુ. ઓથા,
તા.મહુવા,
જી.ભાવનગર.
**મો.નં.૯૫૩૭૭ ૦૭૪૫૫**

**વિષય : નવુ ખેતીવાડી કનેકશન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૭/૧૧/૨૦૧૯ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૯/૧૧/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૦/૧૯–૨૦/૪૯૭૩ તા.૧૦/૧૨/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૦/૧૯–૨૦/૧૦૦૫ તા.૦૨/૦૩/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૨/૦૩/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨, **મહુવા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર -૧૦૦/૧૯-૨૦**

વાદી :- શ્રી ભદ્રેશભાઈ ભવાનભાઈ લાડુમોર,

**◈ વિરૂધ્ધ ◈**

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**◈ રજુઆતની તારીખઃ- ૧૨/૦૩/૨૦૨૦ ◆**

હાજર રહયા :- શ્રી ભવાનભાઈ -વિરાભાઈ લાડુમોર -( વાદીના પિતા )

પ્રતિવાદી :- **શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ભદ્રેશભાઈ ભવાનભાઈ લાડુમોર,, મુ. ઓથા, તા.મહુવા, જી.ભાવનગર ની નવું ખેતીવાડી કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૦/૧૯-૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૦/૧૯-૨૦/૪૯૭૩ તા.૧૦/૧૨/૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.**૧૨/૦૩/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી વતી શ્રી ભવાનભાઈ -વિરાભાઈ લાડુમોર -( વાદીના પિતા ) ,હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆતઃ- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર મહુવા તાલુકાના ઓથા ગામે રહીએ છીએ અને અમારી સયંકત નામની અલગ અલગ ખેતીવાડી આવેલ છે.

૧.૨ અમારા ખેતીવાડીના ૭/૧૨ વગેરેમાં બાર નામ વારસાઈ માં છે, તેમાં મારા પિતાજીના ત્રણ ભાઈઓ પાસે અલગ અલગ સયુંકત નામની સર્વે નંબરની ખેતીવાડી છે તેમજ જમીન ના કાયદેસર ભાગ પાડેલ નથી. અમો પિતાજી ને સંયુકત ભાઈઓ સાથે રહેતા હતા ત્યારે, મારા પિતાજીના ભાઈ લખમણભાઈ વિરાભાઈ એ ખેતીવાડીમાં વિજ જોડાણ એ-૧ કેટેગરીમાં મેળવેલ ત્યારે કોઈ ભાઈઓ ની સંમતિ લીધેલી હતી નહી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૩ મારા પિતાજી એ સર્વે નંબર–૨૦૪/પૈકી ૪ માં ખેતીવાડી વિજ જોડાણ માટે મહુવા ગ્રામ્ય–૨ પેટા વિભાગીય કચેરી માં ૨૯/૧૨/૨૦૦૭ મા રૂા.૨૦૦/– જી.પી.નં–૨૭૮૧ થી રજીસ્ટ્રેશન ચાર્જ ના નાણાં ભરેલ, ત્યારબાદ તત્કાલ યોજના હેઠળ ડિપોઝીટ પેટે રૂા.૫૦૦/– તા.૧૭/૧/૨૦૧૧ ના રોજ ભરપાઈ કરી સ્થળ પર મહુવા ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨ ના કર્મચારી દ્વારા સર્વે મોજણી કરવા આવેલ ત્યારબાદ કચેરી દ્વારા ૨૭૫૬ તા.૧૭/૮/૨૦૧૧ નું રૂા. ૯૭૬૧૨/– અંદાજપત્ર આવેલ. તો અમો એ તા.૨૪/૮/૨૦૧૧ ના રોજ ટેસ્ટ રીપોર્ટ સાથે પહોંચ નં–૮૩૪૧૯૦/૯૧/૯૨/૯૩ થી અંદાજપત્ર ના નાણાં ભરેલ. અને ક્રમ મુજબ વારો આવતા સ્થળ પર પોલ થાંભલા આવેલ અને તાર વગેરે લગાડેલ અને પોલ ઉપર ટીસી લગાડેલ અને મીટર કનેકશન લગાવેલ.

૧.૪ આશરે મહિના બાદ મારા પિતાજી ના ભાઈ લખમણભાઈ એ મહુવા રૂરલ–૨ માં પોતાની સંમતિ વગર વિજ કનેકશન બાબતે વાંધા અરજી આપેલ તો કર્મચારી દ્વારા જમ્પર કાપી પાવર બંધ કરેલ. ત્યારબાદ મહુવા રૂરલ–૨ માં નાયબ ઈજનેર પાસે ગયેલ અને તેમણે જણાવેલ કે તમારે સંમતિ આપવી પડશે અને ત્યારબાદ જ વિજ કનેકશન ચાલુ થશે.

૧.૫ અમારા દાદા એ લખમણભાઈ એ વિજ કનેકશન મેળવેલ ત્યારે મારા પિતાજી એ સંમતિ આપેલ નથી, છતાં તેમનું વિજ કનેકશન શા માટે લગાવેલ છે. તેમનુ વિજ કનેકશન કાપી નાખો.

૧.૫ હાલ એક મહિના પેલા હાલના નાયબ ઈજનેર સાહેબ એ જણાવેલ કે ઓરીજનલ પહોંચ આપો તો, અમો ઓરીજનલ પહોંચ રજૂ કરતા તેમણે જણાવેલ કે, તમારૂ વિજ જોડાણ રદ કરેલ છે તમે ભરેલ રૂપિયા પરત મળી જશે. મેં ૨૦૧૧ ની સાલમાં નાણાં ભરેલ તો તેનુ આઠ વર્ષ નું વ્યાજ સાથે નાણા પરત આપવા અથવા મારા પિતાજી નું કનેકશન લગાડવા હુકમ કરવા વિનંતી. અને મારુ કનેકશન રદ કરેલ તેમ લખમણભાઈ નુ વિજ કનેકશન રદ કરવા વિનતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ સદર અરજદાર મહુવા તાલુકાના ઓથા ગામે રહે છે. અને પોતાની સંયુકત નામની અલગ ખેતીવાડી ધરાવે છે.

૨.૨ સદર અરજદારના પિતાજીએ સર્વે નંબર –૨૦૪/ પૈકી ૪ માં ખેતીવાડી વિજ જોડાણ માટે મહુવા ગ્રામ્ય–૨ પેટા વિભાગીય કચેરી માં ૨૯/૧૨/૨૦૦૭ મા રૂા. ૨૦૦/– જી.પી.નં– ૨૭૮૧ થી રજીસ્ટ્રેશન ચાર્જ ના નાણાં ભરેલ, ત્યારબાદ તત્કાલ યોજના હેઠળ ડિપોઝીટ પેટે ૫૦૦/– રૂપિયા તા.૧૭/૧/૨૦૧૧ ના રોજ ભરપાઈ કરી સ્થળ પર મહુવા રૂરલ–૨ ના કર્મચારી દ્વારા સર્વે મોજણી કરવા આવેલ ત્યારબાદ કચેરી દ્વારા ૨૭૫૬ તા.૧૭/૮/૨૦૧૧ નુ રૂા.૯૭૬૧૨/– અંદાજપત્ર આપવામાં આવેલ. તો અરજદાર દ્વારા તા.૨૪/૮/૨૦૧૧ ના રોજ ટેસ્ટ રીપોર્ટ સાથે પહોંચ નં–૮૩૪૧૯૦/૯૧/૯૨/૯૩ થી અંદાજપત્ર ના નાણાં ભરેલ. અને ક્રમ મુજબ વારો આવતા સ્થળ પર પોલ થાભલા આવેલ અને લાઈનકામ કરેલ.

Consumer Grievance Redressal Forum P.G V.C.L. Bhavnagar

૨.૩ સદર અરજદારની ફાઈલ ઉપલી કચેરીમાં મંજૂરી અર્થે તા.૯/૧૧/૨૦૧૧ ના રોજ મોકલતા સદર ફાઈલ માં સંમતિ સામેલ હતી. પરતુ, સદર સંમતિ નોટરાઈઝ કરેલ ન હોય, સદર ફાઈલમાં નોટરાઈઝ સંમતિ કરાવ્યા બાદ ઉપલી કચેરીમાંથી શરતી મંજૂરી આપવામા આવી.

૨.૪ સદર સંમતિ નોટરાઈઝ કરવા માટે અરજદાર ને જાવક નંબર (૧) મહુવા/ગામ્ય–૨/ટિક/૪૨૩૭ તા.૫/૧૨/૨૦૧૧ તથા (૨) મહુવા/ગામ્ય–૨/ટિક/૧૧૯૫ તા.૧૩/૩/૨૦૧૨ અને (૩) મહુવા/ગામ્ય–૨/ટિક/૩૭૮૮ તા.૨૧/૭/૨૦૧૨ થી ત્રણ નોટીસ મોકલવામાં આવેલ અને ટેલીફોનીક પણ ઓફીસ દ્વારા વારંવાર જણાવેલ છતાં, અરજદાર દ્વારા સદર વિજ જોડાણને લગતી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હતી.

૨.૫ તો ઉપરોક્ત નોટીસ ના આધારે કોઈ કાર્યવાહી ન થતા અરજદાર ના સ્થળ પરથી તા.૩૦/૩/૨૦૧૩ ના રોજ ૧૦ કેવીએ નુ ટ્રાન્સફોર્મર તેમજ અન્ય માલ સામાન ઉતારી, પ.ગુ.વિ.કં.લી, વિભાગીય કચેરી, મહુવા ખાતે સી.આર. નં– ૭૪૫૭૭ થી ટીસી જમા કરવામાં આવેલ.

૨.૬ તેમજ સદર અરજદાર એ એડવોકેટ કૃષ્ણ એસ ગઢાદરા દ્વારા સદર વિજ જોડાણ બાબતે લીગલ નોટીસ ઈન્વર્ડ નં–૧૦૫૭ તા.૩૦/૪/૨૦૧૩ માં આંપવામાં આવેલ હતી જે બાબતે પેનલ એડવોકેટ કૃતાર્થકુમાર વી વૈધ દ્વારા તા.૧૬/૯/૨૦૧૩ ના રોજ પ્રત્યુતર પણ આપવામા આવેલ છે. વધુમાં સદર અરજદાર એ જયંતિલાલ એ ટોકલે દ્વારા સદર વિજ જોડાણ બાબતે બીજી વાર લીગલ નોટીસ તા.૧૬/૬/૨૦૧૩ માં આપવામાં આવેલ હતી જે બાબતે પેનલ એડવોકેટ કૃતાર્થકુમાર વી વૈધ દ્વારા તા.૧૫/૧૦/૨૦૧૩ ના રોજ પ્રત્યુતર પણ આપવામાં આવેલ છે.

૨.૭ વધુમાં સદર અરજદાર દ્વારા રદ કરેલ અંદાજપત્ર ના નાણાં પરત આપવા બાબતે ૧૨૭૭ તા.૭/૬/૨૦૧૬ માં અરજી કરવામાં આવેલ જે બાબતે અરજદાર ને મહુવા/એસ્ટા/બિલીગ/ટિક/૨૮૮૩ તા.૮/૬/૨૦૧૬ થી પ્રત્યુતર આપવામાં આવેલ છે.

૨.૮ વધુમાં સદર અરજદાર દ્વારા તેમના બાપુજી લખમણભાઈ વિરાભાઈ નું ખેતીવાડી નું વિજ જોડાણ રદ કરવા બાબતની અરજી આપવામાં આવેલ જેના અનુસંધાને સદર વિજ જોડાણની ફાઈલ તપાસતાં સદર વિજ જોડાણ જે તે સમયે ઉપલી કચેરીની મંજૂરી થી આપવામાં આવેલ છે.

૨.૯ આમ, સદર અરજદાર દ્વારા યોગ્ય દસ્તાવેજી પુરાવા (નોટરી કરેલ સંમતિ) રજૂ ન કરતાં, સદર વિજ જોડાણ રદ કરવામાં આવેલ છે. તેમજ સદર બાબતની તમામ જાણ અરજદારને કરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર લાડુમોર ભદ્રેશભાઈ ભવાનભાઈ, ગામ–ઓથા, તા.મહુવામાં માંગેલ ખેતીવાડી વીજજોડાણ માટે તા.૨૭/૧૧/૨૦૧૯ ના રોજ ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદી અરજદાર ના પિતા ભવાનભાઈ વિરાભાઈ એ ગામ–ઓથા માં સર્વે નં–૨૦૪/પૈકી ૪ માં તા.૨૯/૧૨/૨૦૦૭ ના રોજ નવા ખેતીવાડી વિજ જોડાણ માટે અરજી નોંધણી કરાવેલ અને ત્યારબાદ તા.૧૭/૧/૨૦૧૧ ના રોજ આ અરજી ને તત્કાલમાં તબદીલ કરાવી, અરજી નોંધણી કરાવેલ. જેના માટે પ્રતિવાદીએ વાદીને રૂા. ૯૭,૬૧૨/– નુ અંદાજપત્ર આપેલ, જે વાદીએ તા.૨૪/૮/૨૦૧૧ ના રોજ ભરપાઈ કરી આપેલ. પ્રતિવાદીએ વાદીના વિજ જોડાણ માટે થાંભલા ઉભા કરી અને લાઈનકામ પૂર્ણ કરેલ.

૩.૩ પ્રતિવાદીની ઉપરની કચેરીએ વાદીની ફાઈલમાં તપાસ કરતાં, વાદીએ અરજી સમયે રજૂ કરેલ સંમતિ નોટરાઈઝડ કરેલ ન હોઈ, શરતી મંજૂરી આપેલ.

૩.૪ ત્યારબાદ પ્રતિવાદી એ તા.૫/૧૨/૨૦૧૧, તા.૧૩/૦૩/૨૦૧૨ અને તા.૨૧/૭/૨૦૧૨ થી વાદીને નોટીસ દ્વારા નોટરાઈઝડ સંમતિ રજૂ કરવા જણાવેલ.

૩.૫ વાદી તરફથી નોટીસ મુજબ કોઈ કાર્યવાહી ન થતાં, પ્રતિવાદી એ વાદી ના વિજ જોડાણ માટે મૂકેલ ટ્રાન્સફોર્મર તા.૩૦/૦૩/૨૦૧૩ ના રોજ ઉતારી તેમજ અન્ય માલસામાન ઉતારી તેની ઓફીસમાં જમા લીધેલ.

૩.૬ વાદીએ લખમણભાઈ વિરાભાઈ નુ ખેતીવાડી વિજ જોડાણ રદ કરવા માટે અરજી આપેલ. પરંતુ, રેકર્ડ મુજબ જે તે સમયે લખમણભાઈ વિરાભાઈ ના વિજ જોડાણ માટે ઉપલી કચેરીએ મંજૂરી આપેલ છે.

૩.૭ વાદી એ પ્રતિવાદીએ આપેલ ત્રણ નોટીસ પછી પણ નોટરાઈઝડ સંમતિ ન આપતા પ્રતિવાદીએ વાદી એ માંગેલ વિજ જોડાણ રદ કરેલ છે.

૩.૮ પ્રતિવાદી ને હુકમ કરવામાં આવે છે કે, વાદી ને નિયમ મુજબ તેણે ભરેલ અંદાજપત્ર ની રકમમાંથી ડિપોઝીટ તથા અન્ય રકમ રીફંડ આપવી.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૮ મુજબ હુકમ કરવામાં આવે છે. "**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

ગેરહાજર

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. અજાકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર. વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.**

તારીખ :– ૧૨/૩/૨૦૨૦

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar